પ્રાંતિજમાં બે દિવસમાં ત્રણ અકસ્માતમાં બે'ના મોત

પ્રાંતિજના કમાલપુર અનોડીયા રોડ ઉપર ટ્રક ચાલકે બાઈક ચાલકને અડફેટે લેતા બાઈક ચાલકનું ઘટના સ્થળે મોત : મજરા પાસે અજાણ્યા વાહન ચાલકે બાઈક ચાલકને ટક્કર માર બાઈક ચાલકનું મોત : કારચાલક કાર ઉપરથી કાબુ ગુમાવતા એક બાઈક તથા એક કાર સાથે અકસ્માત સર્જી રોંગસાઈડમાં સેફટી ગ્રીલ તોડી દુકાનમાં ઘુસી

પ્રાંતિજ, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના બે દિવસમાં થયેલ ત્રણ અકસ્માતમાં બે ના ઘટના સ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું તો અગલ-અલગ થયેલ અકસ્માતમાં મૃત્યુ પામેલ બન્ને યુવક હિંમતનગર અને હિંમતનગર તાલુકાનો હતો.

હિંમતનગર અમદાવાદ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ પ્રાંતિજના મજરા ચોક ઉપર બપોરના સમયે બાઈક ઉપર જઈ રહેલ હિંમતનગરના યુવકને પાછળથી કોઈ અજાણ્યા ભારે વાહન ચાલકે ટક્કર મારતાં બાઈક સવાર પંચાલ મુકેશભાઈ સુખાભાઈ રહે. હિંમતનગર રોડની સાઈડમાં પટકાતા તેવોને માથાના ભાગે ગંભીર ઈજાઓ તથા તેવોનું તાત્કાલિક ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું અને મૃતકને પ્રાંતિજ પી.એચ.સી ખાતે પી.એમ અર્થે લાવવામાં આવ્યા હતા. તો ભાખરીયા બસસ્ટેન્ડ ખાતે એક કાર ચાલકે કાર ઉપરથી કાબુ ગુમાવતા એક બાઈક તથા એક કારને અડફેટે લઈ રોડની રોંગ સાઈડમાં થઈને ફુટપાથ ચડીને સાઈડમાં આવેલ સેફટી ગ્રીલ તોડી ગોપીનાથ શોપીંગમાં આવેલ એક દુકાનમાં જઈ ચડી હતી. તો ત્યાંથી અવરજવર કરતાં લોકોના એક સમય માટે તો જીવ તાડવે બંધાયા હતાં. જોકે કોઈ મોટી જાનહાની ના થતાં આજુબાજુ લોકો હાશકારો અનુભવ્યો હતો. પ્રાંતિજના કમાલપુર અનોડીયા રોડ ઉપર અનોડીયાથી પોતાનું બાઈક નં. જીજે.૦૯.સીઆર.૨૬૭૧લઈને સવારના ૧૦ કલાકે પ્રાંતિજ તરફ આવતો હતો તે દરમ્યાન સામેથી કપચી ભરેલ ફુલફાસ્ટ આવતી ટ્રક નં.-જીજે.૦૨. વીવી.૨૬૩૯નો ચાલક ગફલતભરી રીતે હંકારીને લાવી સામેથી આવતા બાઈક ચાલકને ટક્કર મારી તેને અડફેટે લઈને દસ ફુટ સુધી બાઈક સાથે ઘસડી ગયો હતો જયારે યુવકને માથાના ભાગે તથા શરીરે ગંભીર ઈજાઓ પહોચતા તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું. તો મૃતક યુવક મૂળ હિંમતનગરના દાવડ ગામનો રહેવાસી છે અને તે અનોડીયા તેની સાસરીમાં હાલ રહેતો હતો અને પ્રાંતિજ ખાતે હોસ્પિટલમાં નોકરી કરતો હતો. અકસ્માતના સમાચાર મળતાં પ્રાંતિજ પી.આઈ એ.આર. ચાવડા પીએસાઈ પરમાર સહિત પોલીસ ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી. મૃતક યુવકને ક્રેનની મદદથી ટ્રક નીચેથી બહાર કાઢી પ્રાંતિજ પી.એચ.સી. ખાતે પી.એમ અર્થે મોકલી આપવામાં આવ્યો હતો અને ટ્રક ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી. પ્રાંતિજ પોલીસે હાલ તો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પાંચ તાલુકા પ્રજાપતિ સમાજનો રજતજયંતિ સમુહ લગ્નોત્સવ

શ્રી પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ દહેગામનો ૨૫મો રજત જયંતિ સમુહ લગ્નોત્સવ તા. ૪થી ફેબ્રુઆરીના રોજ યોગેશ્વર કોલ્ડ સ્ટોરેજ અને વિનાયક કોલ્ડ સ્ટોરેજ અહમદપુરા રખિયાલ રોડ દહેગામ ખાતે યોજવામાં આવનાર છે. જેમાં ૩૭ યુગલો લગ્નગ્રંથિથી જોડાઈ પ્રભુતાના પગલાં પાડશે રજતજયંતિ વર્ષ હોવાથી પૂર્વ અને વર્તમાન સમાજના પદાધિકારીઓનું સન્માન કરવામાં આવશે તેમ પ્રમુખ નારણભાઈ પ્રજાપતિએ જણાવ્યું છે.

અમદાવાદ સહિત રાજ્યમાં ફરીથી ઠંડીનો અનુભવ

અમદાવાદ સહિત રાજ્યભરમાં ફરી એકવાર તીવ્ર ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. અમદાવદમાં આજે પારો ગગડીને ૯.૮ ડિગ્રી થઈ ગયો હતો જ્યારે ગાંધીનગરમાં પારો ૯ ડિગ્રી સુધી પહોંચી ગયો હતો. લઘુત્તમ તાપમાનમાં ફરી એકવાર ઘટાડો થયો છે.

ગુજરાત કો. ઓ. મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના ચેરમેનપદે રામસિંહ પરમાર

વાઇસ ચેરમેન તરીકે જેઠા ભરવાડની નિયુક્તિ : ૨૦૧૯ની લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખી ભાજપની કૂટનીતિ : વિશ્વમાં સૌથી વધુ દૂધ ઉત્પાદન કરે છે અમૂલ

અમદાવાદ,તા. ૨૯

ગુજરાત કો ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન (જીસીએમએમએફ)ની ચૂંટણીમાં આજે ચેરમેનપદે કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયેલા અમૂલ ડેરીના ચેરમેન રામસિંહ પરમાર ચૂંટાઈ આવ્યા હતા, જયારે વાઈસ ચેરમેન પદે શહેરના ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ ચૂંટાઈ આવ્યા હતા. જીસીએમએમએફના નવા ચૂંટાયેલા ચેરમેન અને વાઈસ ચેરમેનને ગુજરાત સરકારના પ્રધાનો, સહકારી ક્ષેત્રના આગેવાનો સહિતના મહાનુભાવો શુભેચ્છા-અભિનંદન પાઠવ્યા હતા. તો, અમૂલના નવા ચેરમેન રામસિંહ પરમાર અને વાઈસ ચેરમેન જેઠાભાઈ ભરવાડે જીસીએમએમએફના સંઘો, પશુપાલક ખેડૂતો અને સભ્યોના ઉત્કર્ષ અને તેમને પોષણક્ષમ ભાવો મળી રહે અને સાથે સાથે પ્રજા સુધી તેના ફાયદા પહોંચાડવાનો મક્કમ

નિર્ધાર વ્યકત કર્યો હતો. ગુજરાત કો ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન(જીસીએમએમએફ)માં ૧૭ સંઘોનું જોડાણ છે અને તેનું વાર્ષિક ટર્નઓવર ૨૯ હજાર કરોડનું છે. અમૂલ વિશ્વમાં સૌથી વધુ દૂધ ઉત્પાદન કરતી ડેરી છે, જે ૩૬ લાખથી વધુ ખેડૂતોનું સભ્યપદ ધરાવે છે અને રોજનું એક કરોડ, ૮૦ લાખ લિટર દૂધ ખેડૂતો પાસેથી ખરીદે છે. જીસીએમએમએફના ચેરમેન પદે રામસિંહ પરમાર અને વાઈસ ચેરમેનપદે જેઠાભાઈ ભરવાડના નામની દરખાસ્ત પૂર્વ રાજયમંત્રી શંકર ચૌધરી દ્વારા રજૂ કરવામાં આવી હતી, જેને સર્વાનુમતે મંજૂર કરવામાં આવી હતી. અમૂલના ચેરમેન તરીકે રામસિંહ પરમાર અને વાઈસ ચેરમેન તરીકે જેઠા ભરવાડ પર પસંદગીનો કળશ ઢોળવા પાછળ ભાજપનું બહુ ગણતરીપૂર્વકનું આયોજન છે. કારણ કે, આ બંને નેતાઓ મધ્ય-પૂર્વ ગુજરાતમાંથી આવે છે અને આ વિસ્તારોમાં તેમનો ભારે દબબો અને વર્ચસ્વ છે. જેથી આગામી ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં મધ્ય-પૂર્વ ગુજરાતના કોંગ્રેસના ગઢમાં ગાબડા પાડવાની વ્યૂહરચનાના ભાગરૂપે આ બંને નેતાઓને અત્યારથી પદભાર સોંપી મહત્વની જવાબદારી પણ તેમના ખભે અપાઈ છે. બંને નેતાઓના જીવન પર નજર કરીએ તો, રામસિંહ પરમાર વર્ષ ૧૯૬૪માં ડાકોરની સંસ્થાન હાઈસ્કૂલમાંથી એસએસસી પાસ થયા હતા, ત્યારબાદ તેઓએ આગળ અભ્યાસ કર્યો ન હતો.

શામળાજી પોલીસે ઓટો સ્પેર પાર્ટસની આડમાં ટેમ્પોમાં સંતાડીને લવાતો વિદેશી દારૂ ઝડપ્યો

શામળાજી, તા. ૨૯

શામળાજી પોલીસે વેણપુર ગામ નજીકથી ટેમ્પો-ટ્રક (ગાડી.નં-એચઆર.૬૧.સી.૮૩૨૮)માં

ગેરબોક્સ પાર્ટ્સના ભરેલા ખોખાની આડમાં સંતાડીને લવાતો ગેરકાયદેસર વગર પાસ પરમીટનો વિદેશી દારૂની પેટી નંગ-૧૨૫ કુલ બોટલ નંગ-૧૫૦૦ કિંમત રૂપિયા ૭૫૦૦૦૦નો જથ્થો ઝડપી પાડી ટેમ્પાની કિં. રૂ.૧૦૦૦૦૦૦ તથા મોબાઈલ નંગ-૪ કિં. રૂ.૨૦૦૦ મળી કુલ રૂ. ૧૭૫૨૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી મોનુ રામોતરસિંહ રાજપૂત,૨૪ વર્ષ, પ્રવીણ સુરેન્દ્રસિંગ રાજપૂત,૧૯ વર્ષ બંને રહે. હરિયાણાની ધરપકડ કરી ટેમ્પોમાં વિદેશી દારૂ ભરી આપનાર રાજકુમાર ઉર્ફે રાજુ જયપાલ જાટ (રહે, મહેન્દ્રગઢ) વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસાની નીશી ગાંધીએ પ્રજાસત્તાક દિનની પરેડમાં ભાગ લીધો

મોડાસા શહેરનું સમગ્ર દેશમાં ગૌરવ વધાર્યું

મોડાસા, તા. ૨૯

૨૬ જાન્યુઆરી ૬૯માં પ્રજાસત્તાક દિન પર્વની ઉજવણીમાં સમગ્ર દેશમાંથી એનએસએસના ૨૦૦ વિદ્યાર્થીઓની દિલ્હી સ્થિત રાજપથ પર યોજાયેલ પરેડમાં

મોડાસાની નીશી ગાંધી પસંદગી પામી હતી અને સઘન એક મહિનાની તાલીમ બાદ ગણતંત્ર પરેડમાં પ્રથમ હરોળમાં સ્થાન મેળવી મોડાસા શહેરનું સમગ્ર દેશમાં નામ રોશન કર્યું હતુ.

તદુપરાંત ૨૬ જાન્યુઆરીની પરેડમાં ભાગ લેનાર એનસીસી કેડેટ, એનએસએસના સ્વયંસેવકો તથા કલાકૃતિઓ કસબીઓ સાથે નહેરુ મેમોરિયલમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી યોજેલ યુવા સંવાદમાં પણ ભાગ લીધો હતો અને દેશમાં સામાજિક પરિવર્તન અને અંધશ્રદ્ધા સામે લડવા વિસ્તૃત ચર્ચા સાથે ફોટોસેશનમાં નીશીને જોડાવાનો મોકો મળ્યો હતો.

મોડાસાની નીશી ચંદ્રેશભાઈ ગાંધી હાલ વડોદરામાં આયુર્વેદિક તબીબના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરવાની સાથે એનએસએસમાં જોડાયેલી છે. યુવા અને ખેલ મંત્રાલય તથા રાષ્ટ્રિયસેવા યોજના કાર્યક્રમ અંતર્ગત પ્રતિવર્ષ રાષ્ટ્રીય પર્વ ૨૬ જાન્યુઆરીએ ગણતંત્ર દિવસે પરેડ શિબિરનું આયોજન થાય છે. જેમાં સમગ્ર દેશમાંથી એનએસએસના ૨૦૦ વિદ્યાર્થીઓની પસંદગીમાં ગુજરાતમાંથી નીશી ગાંધીની પસંદગી પામી ૬૯માં પ્રજાસત્તાક દિનની રાજપથ ખાતે યોજાયેલ પરેડમાં પરેડ કરી રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી.

નીશી ગાંધીના જણાવ્યા અનુસાર ૨૬ જાન્યુઆરીએ દિલ્હી સ્થિત રાજપથ ખાતે યોજાતી પરેડમાં એનએસએસ પરેડનો સમાવિષ્ટ કરવામાં આવે છે. તેમાં સ્થાન મેળવવા કોલેજ લેવલે પસંદગી થયા બાદ યુનિવર્સીટી અને રાજ્યકક્ષાએ ઉત્કૃષ્ઠ પ્રદર્શન કર્યા બાદ ઝોન પ્રમાણે એક ઝોનમાં ૫ રાજ્યના એનએસએસના પસંદગી પામેલ વિદ્યાર્થીઓમાંથી પસંદગી કરવામાં આવ્યા પછી ૧ જાન્યુઆરીથી આરડી કેમ્પમાં તાલીમ લીધા પછી ૬૯માં પ્રજાસત્તાક દિનની પરેડમાં ભાગ લેવાનો મોકો મળ્યો હતો અને રાજપથ પર યોજાયેલી પરેડમાં ભાગ લેતા ગૌરવ અનુભવવાની સાથે સ્ત્રી શશ્કિતકરણ અને દેશની સેવા કરવા તત્પર હોવાનું જણાવ્યું હતું.

ભૂદર ભણંત ગ્રંથ પૂ. ભાઈશ્રીના વરદ્‌હસ્તે લોકાર્પણ થયો

ગાંધીનેગર, તા. ૨૯

ગત અઠવાડીયે પોરબંદર સાંદીપની સભાગૃહમાં આઝાદી

પહેલાના રાષ્ટ્રચેતનાના કવિ સ્વ. ભૂદરજી લાલજી જોશીની હસ્તપ્રતોમાંથી સાંઈરામ દવેએ તૈયાર કરેલુ પુસ્તક 'ભુદર ભણંત'નું વિમોચન પૂ. રમેશભાઈ ઓઝાના વરદ્‌હસ્તે થયુ. પૂ. રમેશભાઈ ઓઝાએ ગ્રંથનું વિમોચન કરતા કહ્યું કે 'સાઈરામે અને તેમની ટીમે ભુદરજીની કાવ્યરૂપી ગુપ્તગંગાનું લોકહિતાર્થે અવતરણ કરાવ્યું છે.

આ પ્રસંગે પદ્મશ્રી ભીખુદાનભાઈએ ભુદરજીની સુંદર રચના સંભળાવી. હસ્તપ્રતોમાંથી છ મહિનાની મહેનત બાદ પુસ્તક બનાવનાર સાંઈરામ દવે, રામભાઈ બારોટ, ડૉ. અવની વ્યાસ તથા તેજસ પટેલે કવિતાઓ રજૂ કરી ભજનીક વિમલ મહેતા, વિષ્ણુપ્રસાદ દવે તથા જયમંત દવેએએ ભૂદરજીના છંદો અને ભજનો રજૂ કર્યા. તથા બાળ નચિકેતા ધર્મરાજ, વિશ્વજીત અને કિન્નરીએ ભૂદરજીની ગાંધી કવિતા રજૂ કરી. વિશાળ જનસમુદાયે ભૂદરજીની કવિતાઓને સૌપ્રથમવાર માણી. આ તબક્કે ભાઈશ્રીએ ભૂદરજીના પરિવારજનોનું પણ સન્માન કર્યુ. આ પુસ્તક પ્રવીણ પ્રકાશન-રાજકોટમાંથી પ્રાપ્ત થશે. લોકસાહિત્યના આ અણમોલ કાર્ય બદલ સાંઈરામ દવે ઉપર પ્રશંસાના પુષ્પો વેરાયા.

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકાના બોરીયા સીતવાડા ગામે પુત્રની દસમી પુણ્યતિથિના દિવસે પરિવાર દ્વારા બે પુત્રીઓના માતા પિતાનું સન્માન કરી જાયન્ટસ ગ્રુપે પણ ઉપસ્થિત રહીને સન્માન પત્ર આપ્યું હતુ. પ્રાંતિજ બોરીયા સીતવાડા ગામે રહેતાં રાઠોડ કાળુસિંહ ગોબરસિંહ પરિવાર દ્વારા પોતાનાં પુત્ર ભરતસિંહની દસમી પુણ્યતિથિ નિમિત્તે વીસથી પણ વધુ બોરીયા સીતવાડા ખાતે રહેતાં બે દિકરીના માતા-પિતાનું શ્રીફળ સાંકળ સાડી આપીને સન્માન કરવામા આવ્યું હતું.

ડ્રાફ્ટ બજેટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બજેટમાં સમાવી કમિશ્નર ક્લીન સીટીનો સંકેત આપશે.

મિલ્કતવેરાના રિસર્વે માટેની ચોક્કસ નીતિ સાથે મિલ્કતવેરાની આવક અને વસુલાત વધે તે પણ જોવાશે. આ ઉપરાંત શહેરમાં આંતરિક માર્ગોની બન્ને બાજુએ વનીકરણ કરી અને પર્યાવરણીય સંતુલન બનાવવાનો પણ સંકેત આપશે તેવા નિર્દેશો મળી રહ્યા છે.

શિક્ષણ, આરોગ્ય, હિસાબી સેવાઓ માટે પણ કંઈક નવી જાહેરાતો કરવામાં આવે તેવી શક્યતાઓ છે. મિલ્કત વેરામાં રિબેટની યોજનાને વધુ આકર્ષક બનાવવાનો પ્રયાસ પણ કમિશ્નર દ્વારા કરવામાં આવે તેવી શક્યતાઓ છે.

મનપાના વહીવટીતંત્રનું કોમ્યુનીરાઈઝેશન કરવાના સંકેત સાથે વહીવટીય સુધારણાનો અમલ કરવામાં આવે તેમજ વરસાદી પાણીના સંગ્રહ માટે કોઈ ખાસ પ્રોત્સાહિત પગલાં લેવામાં આવે તેવા નિર્દેશ મળી રહી છે.

કોમ્પ્યુટર જોવા મળશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નવો બદલાવ આવશે. જેમાં ઈમોશન પણ જોવા મળશે. રોબોર્ટ સહીત કોમ્પ્યુટર જેવી મશીનરી માનવપ્રાણી જેવી અને લાગણી દર્શાવતી હોય તેવો રોલ અદા કરશે. ટ્રાન્સપોર્ટેશન ક્ષેત્રે પણ ટેકનોલોજીનો ઉપયોગ કરાશે. મીડીયા ડિઝિટલ બનશે. હ્યુમન બીઈંગ પાસે મર્યાદા છે અને પર્યાપ્ત માહીતી પણ નથી. ત્યારે સારા પુસ્તકો , સંગીત , અવાજ પેઈન્ટીંગ સહીતની કલાઓ પણ ટેકનોલોજીની ગિરફતમાં આવશે. દુનિયામાં ભારત પાસે સૌથી મોટુ બજાર છે. ટેકનોલાજી ક્ષેત્રે જાપાન અને અમેરિકા મોટા સેલર્સ છે. જયારે ભારત બાયર્સની ભુમિકામાં છે.ત્યારે હવે પ જી લોન્ચ થવાની સાથે રોબોટીક બાદ મેડીકલ ક્ષેત્રે રીમોટીક સર્જરી પણ આસાન બનશે.આવતીકાલની દુનિયામાં સ્માર્ટ અને સરળ જીવનશૈલી માટે ટેકનોલાજીનીની અવનવી શોધ અને ઉપયોગ મહત્વના બની રહેશે.

સર્કલો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સંસ્થાઓને નોટીસ આપી જરૂરી કાર્યવાહી કરવામાં આવતી નથી. જયારે નવા સર્કલોને નવા થીમ મુજબ વિકસાવા માટેની યોજના પણ અટવાઈ છે. નવા સેકટરોને અનુલક્ષી ગ માર્ગ પર નિર્માણ કરાયેલા સર્કલો પણ આકર્ષણ વિહોણાં હોવાનો આક્રોશ રહીશો વ્યકત કરી રહયા છે. જયારે મુખ્ય માર્ગ પર ઘ-૨ અને ઘ-૩ સર્કલ પણ નવા થીમ મુજબ વિકસાવામાં આવે તેવી લોકલાગણી ઉઠવા પામી છે.

મતદાર યાદી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ મતદારયાદી સુધારણા ઝુંબેશ ૧૨ ફેબ્રુઆરી સુધી ચાલવાની છે. આ ઝુંબેશમાં હજુ પણ વધુ એની સંખ્યા વધશે. નવા મતદારોની નોંધણી માટેની જાગૃતિ માટે કેમ્પસ એમ્બેસેડરની પણ નિમણુંકો કરવામાં આવી છે તેમજ આગામી દિવસોમાં અલગથી એક અભિયાન પણ જાગૃતિ માટેનું યોજવાનું વિચારણામાં છે.

વિકાસ દર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ત્રિમાસિક ગાળામાં અર્થવ્યવસ્થાએ ગતિ પકડી છે. બીજી બાજુ નોટબંધી અને જીએસટી જેવા આર્થિક પગલાના કારણે દેશને શુ મળ્યુ છે તેનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો છે. નોટબંધી અને જીએસટીને લઈને આર્થિક સર્વેમાં ખુલાસો કરવામાં આવ્યો છે. નોટબંધી બાદથી નવેસરના કરદાતાની સંખ્યામાં આશરે ૧૮ લાખનો વધારો થયો છે. જીએસટી આવી ગયા બાદ ટેક્સ વસુલાતમાં વધારો થયો છે. સાથે સાથે વ્યક્તિગત આવકવેરા વસુલાતમાં પણ વધારો થયો છે. આગામી નાણાંકીય વર્ષમાં નિકાસની કિંમતમાં અર્થવ્યવસ્થામાં ગ્રોથ જોવા મળે છે. વર્તમાન નાણાંકીય વર્ષમાં ડાયરેક્ટ ટેક્સ વસુલાતના ટાર્ગેટને હાંસલ કરવા માટેની પણ આશા છે. નાણાંકીય વર્ષ ૨૦૧૯માં નાણાંકીય નુકસાનના લક્ષ્યાંકમાં નજીવો વધારો થઈ રહ્યો છે. નાણાંકીય નુકસાન માટે લક્ષ્ય ત્રણ ટકા રહેવાનો અંદાજ છે. જીએસટી વસુલાતમાં સુધારો થવાનો અંદાજ છે અને રેવેન્યુમાં વધારો થવાનો અંદાજ છે. આર્થિક સર્વે ૨૦૧૮માં આર્થિક સલાહકારોની તરફથી સલાહ આપવામાં આવી છે કે મધ્યમ અવધિમાં રોજગાર, શિક્ષણ અને કૃષિ પર ભાર મુકવામાં આવનાર છે. આ તમામ સેક્ટરમાં ખાસ ધ્યાન આપવાની જરૂર છે. અર્થતંત્રમાં વર્તમાન સમયમાં પડકારોને પહોંચી વળવા માટે આવા પગલા લેવાની જરૂર દેખાઈ રહી છે. અર્થતંત્રને ગતિ આપવા માટે રોજગાર એકમાત્ર એવા ક્ષેત્ર તરીકે છે જેની સીધી અસર થઈ રહી છે. આર્થિક સર્વેમાં પ્રથમ વખત એવુ બન્યુ છે જ્યારે કૃષિ પર ખાસ પ્રકરણને સામેલ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. સર્વેમાં વર્ષ ૨૦૧૭-૧૮માં કૃષિ સેક્ટરનો ગ્રોથ રેટ ૨.૧ ટકા રહેવાનો અંદાજ મુકવામાં આવ્યો છે. જે નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ના ગ્રોથ રેટ કરતા ૨.૮ ટકા ઓછો છે. ગયા વખતે કૃષિ સેક્ટર ગ્રોથ ૪.૯ ટકાની આસપાસ રહ્યો હતો. સર્વેમાં કહેવામાં આવ્યુ છે કે ખરાબ હવામાન અને વરસાદની સ્થિતીના કારણે પાકના ઉત્પાદન પર પ્રતિકુળ અસર થનાર છે. ૨૨મી સપ્ટેમ્બર ૨૦૧૭ના દિવસે જારી કરવામાં આવેલા પ્રથમ એડવાન્સ અંદાજમાં કહેવામાં આવ્યુ છે કે આ વખતે ખરીફ પાકનુ ઉત્પાદન ૧૩.૪૭ કરોડ ટનરહેવાનો અંદાજ છે. આર્થિક સર્વેમાં કેટલીક જે મહત્વની વાત કરવામાં આવી છે તે મુજબ નાણાંકીય વર્ષ ૨૦૧૯માં ક્રુડની કિંમતો ૧૨ ટકા વધવાનો અંદાજ છે. ક્રુડઈની કિંમતો હાલમાં તેજી સાથે વધી રહી છે. ખાનગી રોકાણના સંકેતો મળી રહ્યા છે.ય મધ્યમ અવધિમાં રોજગાર, શિક્ષણ પર ધ્યાન અપાશે. મેન્યુફેક્ચરિગ ગ્રોથ આઠ ટકા રહેવાનો અંદાજ છે.

ચર્ચા જરૂરી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

૬૦ અબજ અમેરિકી ડોલર પર પહોંચી ગયો છે. રાષ્ટ્રપતિએ કહ્યુ છે કે ૨૫૧ પાસપોર્ટ સેવા કેન્દ્રોને મંજુરી આપવામાં આવી ચુકી છે. વિકાસને મજબુત આધાર આપવા માટે આર્થિક સંસ્થાઓને મજબુત કરવાની દિશામાં કામ કરવામાં આવી રહ્યુ છે. તેમણે કહ્યુ હતુ કે અફઘાનિસ્તાનને ઘઉંનો પ્રથમ જથ્થો મોકલી દેવામાં આવ્યો છે. વિદેશોમાં રહેતા પ્રવાસી ભારતીયોની સાથે દેશના સંબંધ મજબુત થઈ રહ્યા છે. પ્રવાસી ભારતીય સાંસદોના સંમેલન આયોજિત કરવામાં આવી રહ્યા છે. ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટીસની ચૂંટણી ખુબ જ રોમાંચક રહી છે. જેમાં ભારતને સફળતા મળી છે. રામનાથ કોવિન્દે એમ પણ કહ્યુ હતુ કે ભારત હમેંશા સહયોગની ભાવનાથી કામ કરે છે. આજે વિશ્વના કોઈ પણ જગ્યાએ રહેતા ભારતીયોને વિશ્વાસ છે કે તે ક્યારેય સંકટમાં પડશે નહી. જો કોઈ ભારતીય લોકો સંકટમાં મુકાશે તો સરકાર તેમને પરત લાવવા માટે તમામ પ્રયાસો કરશે. તેમણે કહ્યુ હતુ કે ૯૦ હજાર ભારતીયને પરત લાવવામાં આવ્યા છે. તેમણે કહ્યુ હતુ કે સરકારે વન રેન્ક વન પેન્સનને પૂર્ણ કરીને ૨૦ લાખથી વધારે નિવૃત સેનિકોને ૧૦ હજાર કરોડ રૂપિયાની બાકી રકમ ચુકવી દીધી છે. દેશની આંતરિક સુરક્ષામાં વધારો થયો છે. સરકારે પોલીસ દળોના આધુનિકીકરણ માટે ૧૮ હજાર કરોડની યોજના મંજુરી કરી છે. નેશનલ ફુડ સિક્યુરિટી એક્ટ હેઠળ ખાદ્યાન આપવાની વ્યવસ્થાને પારદર્શી બનાવવા માટે પગલા લેવામાં આવી રહ્યા છે. સરકારે રાષ્ટ્રીય પછાત વર્ગ પંચને બંધારણીય દરજ્જો આપવા માટે બંધારણીય સુધારા બિલ રજૂ કરવામાં આવ્યુ છે. વન્ય પેદાશોના લઘુતમ સમર્થન મુલ્યને વધારી દેવામાં આવ્યા છે. તેમની સરકારે વાસને વૃક્ષની શ્રેણીમાંથી દુર કરવાનો નિર્ણય પહેલાથી જ કર્યો છે. દેશમા અઢી કરોડથી વધારે દિવ્યાંગ લોકો છે. સરકાર તેમના માટે સતત કામ કરી રહી છે. કેન્દ્ર દ્વારા હવે દિવ્યાંગ અધિકાર અધિનિયમ ૨૦૧૬ લાગુ કરવાનો નિર્ણય કરવામાં આવી ચુક્યો છે.રાષ્ટ્રપતિએ સરકારના રિપોર્ટ કાર્ડને રજૂ કરતા કહ્યુ હતુ કે આ વર્ષે ૧૨મી જાન્યુઆરીના દિવસે ઈસરોએ પીએસએલવી સી ૪૦ને લોંચ કરીને ૧૦૦માં ઉપગ્રહને સફળ રીતે લોંચ કરવામાં સફળતા મેળવી હતી.

કાર્ડ ખેલાશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અંતરથી ભાજપની જીત થયા બાદ કેટલાક મોરચે મોદી સરકારને દેખાય તેવા પગલા લેવાની જરૂર પડશે. કારણ કે નોટબંધી અને જીએસટીના કારણે મોટી સંખ્યામાં લોકોને તકલીફ થઈ હતી. કોંગ્રેસના પ્રમુખ રાહુલ ગાંધીએ આ જ મુદ્દો જોરદાર રીતે ઉઠાવ્યો હતો. ગુજરાતમાં ભાજપની સામે કોંગ્રેસે આ મુદ્દા ચગાવીને મતદારોને પ્રભાવિત કરવાના તમામ પ્રયાસો કર્યા હતા. તેમાં સફળતા પણ મળી હતી. ગુજરાતમાં ચૂંટણી બાદ જેટલી હવે બીજા વિકલ્પ પર કામ કરી શકે છે. ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં ભાજપનુ નેટવર્ક ઘટી રહ્યુ છે. જે તેના માટે ચોક્કસપણે ચિંતાજનક બાબત છે. કારણ કે ગ્રામીણ વિસ્તારોમાં પણ મોટા પાયે વસ્તી રહેલી છે. જેની સીધી અસર

લોકસભા ચૂંટણીમાં જોવા મળી શકે છે. આ ઉપરાંત મધ્યપ્રદેશ, છત્તિસગઢ અને રાજસ્થાનમાં આ વર્ષે વિધાનસભાની ચૂંટણી પણ યોજાનાર છે. આ ચૂંટણીની સાથે સાથે વર્ષ ૨૦૧૯માં સામાન્ય ચૂંટણી પણ યોજાનાર છે. હાલના વર્ષોમાં કેટલીક વખત ખેડુતો આંદોલન પણ કરી ચુક્યા છે. જો સરકાર ગ્રામીણ સેક્ટરમાં સબ્સિડી પર ધ્યાન આપે છે તો આ બાબતની શક્યતા છે કે કૃષિ પર બજેટમાં ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. ખેડુત સમુદાયની હાલના વર્ષોમાં અવગણના થઈ રહી હોવાના હેવાલ અનેક વખત મળી ચુક્યા છે. વર્ષ ૧૯૬૦ના મધ્ય સુધી બજેટ ભાષણમાં મુખ્ય રીતે કૃષિ પર ધ્યાન આપવામાં આવતુ હતુ. એ બાબત એ વખતે શક્ય ની હતી જ્યારે લાલ બહાદુર શાસ્ત્રી દેશના વડાપ્રધાન બન્યા હતા. લાલ બહાદુર શાસ્ત્રીએ વર્ષ ૧૯૬૫માં જય જવાન જય કિસાનનો નારો આપ્યો હતો. ત્યારબાદથી આ સદીની શરૂઆત સુધી કૃષિ તરફ બજેટમાં કોઈ વધારે ધ્યાન આપવામાં આવ્યુ નથી. આજ કારણસર દેશમાં ખેડુતોની હાલત ખરાબ થતી રહી છે. ખેડુતોની આત્મહત્યા પણ દેશમાં જોવા મળી રહી છે. કેટલાક રાજ્યોમાં તો ખેડુતોની આત્મહત્યાનો આંકડો સેંકડોમાં પણ પણ પહોંચી ગયો છે. બજેટમાં અગ્રીકલ્ચરના બદલે ગ્રામીણ સેક્ટર જેવા શબ્દનો ઉપયોગ વધારે થાય છે.

આશા પૂર્ણ કરશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રશંસા કરી રહી છે. બજેટ દેશના વધી રહેલા અર્થતંત્રને નવા પ્રાણ ફુકનાર તરીકે સાબિત થશે. સરકાર કરદાતાને રાહત આપતી વેળા ઈનકમ ટેક્સ સ્લેબને વધારી શકે છે. આ ઉપરાંત પેટ્રોલ-ડિઝલની વધી રહેલી કિંમતોતી પરેશાન લોકોને બજેટમાં રાહત મળે તેવી શક્યતા દેખાઈ રહી છે. વડાપ્રધાન મોદીએ ત્રિપલ તલાક બિલ પસાર કરવામાં મદદ કરવા વિરોધ પક્ષોને અપીલ કરી હતી. ત્રિપલ તલાકના મુદ્દા પર સંસદમાં જોરદાર સંગ્રામ જોવા મળે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. સરકાર સંકેત આપી ચુકી છે કે વિરોધ પક્ષના વિરોધ છતાં ત્રિપલ તલાક બિલને પાસ કરવા માટે તે કોઈ કમી રહેવા દેશે નહીં.